# જિલ્લામાં ઉનાળાના પગરવ શરૂ

**જિલ્લામાં મતદાનના દિવસે તાપમાનનો પારો ૩૬ ડીગ્રી પહોંચવાની સંભાવના : મતદાન મથકો ઉપર પીવાના પાણી, પંખાની વ્યવસ્થાની જરૂર**

બાયડ, તા. ૨૦

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગ આડે આજથી માત્ર સપ્તાહનો સમય બાકી છે. ઠંડીના વળતાં પાણી જોવા મળ્યા છે. ઉનાળાનો પગરવ ફેબ્રુઆરીના અંતિમ સપ્તાહમાં જોવા મળ્યો છે ત્યારે તા. ૨૮ ફેબ્રુઆરી મતદાન યોજાવાનુ છે ત્યારે જિલ્લામાં તાપમાનનો પારો ૩૬ ડિગ્રીએ પહોંચવાની આગાહી કરવામાં આવી છે. મતદાન મથકો ઉપર અસહ્ય ગરમીના લીધે પીવાના પાણી, પંખાની વ્યવસ્થા ચૂંટણી વિભાગ દ્વારા કરવી જ પડશે.

**સંભવિત તાપમાનની આગાહી**

| તારીખ | તાપમાન |
|---|---|
| ૨૧ ફેબ્રુઆરી | ૩૨ ડીગ્રી |
| ૨૨ ફેબ્રુઆરી | ૩૪ ડીગ્રી |
| ૨૩ ફેબ્રુઆરી | ૩૫ ડીગ્રી |
| ૨૪ ફેબ્રુઆરી | ૩૫ ડીગ્રી |
| ૨૬ ફેબ્રુઆરી | ૩૬ ડીગ્રી |
| ૨૮ ફેબ્રુઆરી | ૩૬ ડીગ્રી |

જિલ્લામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ૪ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે નિષ્પક્ષ મતદાન થાય તેના આયોજન લગભગ પૂરા થયા છે. સંવેદનશીલ, અતિ સંવેદનશીલ મતદાન મથકો ઉપર વિશેષ પ્રબંધ ઉભો થઈ રહ્યો છે. જ્યારે માર્ચ મહીના સુધી ઠંડીનો ચમકારો રહેશે તેવી સંભાવના હતી પરંતુ છેલ્લા ૨ દિવસથી બપોર બાદ તાપમાનનો પારો ઉંચકાતા ઉનાળો પાટે ચડવા સ્થિતિમાં છે. શનિવારે જિલ્લાના બાયડ, વિજયનગર, ભિલોડા, ઈડર સહીતના વિસ્તારોમાં તાપમાનનો પારો ૩૧ ડીગ્રીને આંબ્યો હતો અને હવામાન વિભાગનું માનીએ તો તા. ૨૬, ૨૭, ૨૮ ફેબ્રુઆરીએ જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૫ થી ૩૬ ડિગ્રીને પાર કરી જશે. એકાએક ઠંડીની ગાયબવૃત્તિથી એકદમ મિશ્ર ઋતુનો માહોલ છે. વાયરલ બિમારી માથુ ઉંચકી રહી છે ત્યાં કુદરતે પણ એકાએક તાપમાનનો પારો ઉંચકવાનું બિડુ ઝડપ્યુ છે તેથી ધોમધકતા તાપમાનના મતદારો-ચૂંટણીકર્મીઓની કુદરત અગ્નિ પરીક્ષા લઈ શકે છે. જ્યારે તાપમાનનો પારો ઉંચકાય તેની પૂર્વ સંધ્યાએ જિલ્લાના અનેક વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ વધુ બેકાબુ બનતાં તંત્ર-આરોગ્ય અને પ્રજાનું શું થશે !! તે કહેવું મુશ્કેલ છે.

## બાયડ પાલિકા વિસ્તારના તમામ ૧૮ મતદાન મથક અતિ સંવેદનશિલ

**૧૦૦ ટકા મતદાન મથકો ભયભીત, મતદાન ખોરવવાનો પ્રયાસ કર્યો તો આવી બન્યુ**

બાયડ, તા. ૨૦

બાયડ નગરપાલિકાની ૬ વોર્ડની ૨૪ બેઠક ઉપર ૪૯ ઉમેદવારોએ ઝંપલાવ્યુ છે. ૧૮ મતદાન મથક ઉપર ૧૪,૫૬૮ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. બાયડ પાલિકાનો ચૂંટણી જંગ તોફાની બનવાની દહેશત વચ્ચે તંત્રએ મળેલ રિપોર્ટ મુજબ તમામ ૧૮ મતદાન મથકોને અતિ સંવેદનશીલ જાહેર કર્યા છે. એક રીતે ૧૦૦ ટકા મતદાન મથકો બાયડ પાલિકા વિસ્તારમાં ભયભીત જાહેર થયા છે ત્યારે મતદાન સમયે ખલેલ પહોંચાડનારાનું આવી બનશે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

બાયડ પાલિકામાં ભાજપા-કોંગ્રેસ માટે જીતની મુખ્ય ચાવી ૭૦૯૪ મહીલા મતદારો અને યુવા મતદારોના હાથમાં છે. બાયડના મતદારો પરિવર્તનની તરફેણમાં છે તેવુ કેટલાક મતદારો ખુલીને બોલી રહ્યા છે. પરીવારવાદ સામે પણ પ્રજામાં આક્રોશ છૂપો રહી શક્યો નથી ત્યારે તા. ૨૮ ફેબ્રુઆરી બાયડ, અરજણવાવ, ઘડુશીયામઠ, સુંદરપુરાના તમામ બુથ અતિસંવેદનશીલની શ્રેણીમાં મુકવાની સાથે મતદાન મથકો ઉપર એસ.આર.પી. તથા સ્થાનિક પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ઉભો કરવામાં આવશે. બાયડ પાલિકામાં ભાજપા-કોંગ્રેસના ઉમેદવારો જાહેર થયા પછી કેટલાક મતદાન મથકો ઉપર સઘન તકેદારી રાખવામાં આવી શકે છે.

## જિલ્લાના બસ મથકોમાં થર્મલ ગન, સેનેટાઈઝર અભરાઈએ મુકાયાં

**એસ.ટી. બસમાં સોશ્યલ ડિસ્ટન્સનો સરેઆમ ભંગ : મુસાફરોના માથે સંક્રમણનું જોખમ**



બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૨૦

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં અનલોક પછી કોરોનાના સંક્રમણ ઉપર સંપૂર્ણ અંકુશ આવી ગયો હોય તેમ બસ મથકોમાં થર્મલ ગન અને સેનેટાઈઝરની વ્યવસ્થા અભરાઈએ મુકાઈ છે. એસ.ટી. બસમાં સોશ્યલ ડિસ્ટન્સનું સરેઆર ભંગ થઈ રહ્યો છે. કંડક્ટરોને સેનેટાઈઝર તેમજ થર્મલ ગન આપ્યા પછી જ રૂટ શરૂ કરવામાં આવ્યા હોવાના દાવા પોકળ રહ્યા છે. એસ.ટી. બસ તો ઠીક પરંતુ બસ મથકમાં પ્રવેશતા મુસાફરોની થર્મલ ગનથી ચકાસણી પણ બંધ કરી દેવાતાં એસ.ટી. બસ મથકોમાં મુસાફરોના માથે કોરોનાનું જોખમ ઉભું થયું છે.

એસ.ટી. વિભાગ દ્વારા લોકડાઉન સમયે બંધ કરાયેલા એસ.ટી. રૂટ શરૂ કરવામાં આવ્યા છે. અનલોકના જુદા જુદા તબક્કામાં એસ.ટી. રૂટ શરૂ કરતા અગાઉ મુસાફરોના શરીરનું તાપમાન માપવા માટે બસ મથકોમાં થર્મલ ગનની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. તાપમાન માપવાની સાથે મુસાફરોને સેનેટાઈઝ કર્યા પછી એસ.ટી. બસમાં બેસવા દેવામાં આવતા હતાં જેમાં સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાનું આયોજન થતું હતું પરંતુ એસ.ટી. તંત્રએ કોરોનાની તમામ ગાઈડલાઈનો નેવે મૂકી છે. એસ.ટી. બસમાં કંડક્ટરોને થર્મલ ગન અને સેનેટાઈઝર આપવાની વાતો ગપગોળા સમાન સાબિત થઈ રહી છે. એસ.ટી. બસમાં મુસાફરો વચ્ચે સોશ્યલ ડિસ્ટનસ જળવાતું નથી જેના કારણે કોરોનાનું સંક્રમણ ફરીથી હાવી થાય તેમ છે. જિલ્લાના બસ મથકોના પ્રવેશ દ્વારે અગાઉ થર્મલ ગન અને સેનેટાઈઝની ઉભી કરવામાં આવેલી વ્યવસ્થા સંકેલી લેવામાં આવી છે. એસ.ટી. ડેપો તેમજ બસની અંદર કોરોનાની ગાઈડલાઈનનો ભંગ થઈ રહ્યો હોવાથી મુસાફરોના જાહેર આરોગ્ય સામે હજુયે જોખમ તોળાઈ રહ્યું છે. મુસાફરો માસ્ક પહેર્યા વિના જ મુસાફરી કરતા હોવા છતાં તેમની સામે દંડનીય કાર્યવાહી કરનારું કોઈ જ દેખાતું નથી જેથી એસ.ટી. વિભાગની લાપરવાહીના કારણે કોરોનાનું સંક્રમણ ફરી માથું ઉંચકે તેવી દહેશત છે. મોટાભાગની લાંબા રૂટની એસ.ટી. બસો ચિક્કાર ભીડ સાથે દોડતી થઈ છે અને તંત્રની આવકની કમાણીમાં વધારો થયો છે ત્યાં સેનેટાઈઝર અને થર્મલ ગનની સુવિધા બંધ કરવામાં આવતા આશ્ચર્ય ઉભું થયું છે.

## બાયડ જંગ : વોર્ડ નં. ૧માં ભાજપનો વિજય નિશ્ચિત

**૪ ઉમેદવારોને પ્રજા-લોકોનું અભૂતપૂર્વ સમર્થન**



બાયડ, તા. ૨૦

બાયડ પાલિકાની ૨૪ બેઠકોનો ખરાખરીનો જંગ પ્રચારની પરાકાષ્ઠાથી બરાબરનો જામ્યો છે. ત્યારે બાયડ પાલિકા વોર્ડ નં. ૧ માં ભાજપનો વિજય નિશ્ચિત જણાયો છે. ભાજપાના ૪ ઉમેદવારોને વોર્ડમાં સમાવિષ્ટ સોસાયટી, ઝૂંપડપટ્ટી, ઘડુશીયામઠમાં જે રીતે પ્રચંડ સમર્થન સ્વયંભુ મળ્યુ તે જોઈ કોંગ્રેસ ડગાઈ ગઈ છે. પાછલી ૩ ટર્મનથી વોર્ડ નં. ૧ માં સતત ભાજપા જંગી લીડથી જીતે છે ત્યારે આ વખતના ચૂંટણી જંગમાં ભાજપા તરફી મતદારોનો ઉત્સાહ જોતાં કોંગ્રેસ ડીપોઝીટ બચાવશે ખરી..!! તેવાં ગણિત મંડાય છે.

બાયડ પાલિકાના ચૂંટણી જંગમાં તમામ ૬ વોર્ડમાં ભાજપાના ઉમેદવારોને સ્વયંભુ સમર્થન મળતાં કોંગ્રેસમાં હારનો ભય હાવિ થયો છે. વોર્ડ નં. ૧ માં શુક્રવારે ભાજપાના ઉમેદવાર પ્રવિણ પટેલ, સ્નેહલ પટેલ, કંચનબેન પટેલ, ભાવનાબેન જોષીના સમર્થનમાં નિકળેલી પ્રચાર રેલીમાં જે રીતે માનવમેદની ઉમટી તે જોઈ કોંગ્રેસ હચમચી છે. વોર્ડ નં. ૧ માં ભાજપ દ્વારા વિકાસના નામે મત માંગવામાં આવી રહ્યા છે. ભાજપાના તમામ ઉમેદવારો સ્થાનિક વોર્ડના ઉપરાંત તમામ મતદારો સાથે સતત લોકસંપર્ક જાળવી રાખનારા ગ્રાઉન્ડ લેવલના કાર્યકરો હોવાથી તમામ જ્ઞાતિના મતદારોએ ભાજપાના ઉમેદવારોને ખુલ્લુ સમર્થન આપી રહ્યા છે. તા. ૨૮ ફેબ્રુઆરીએ મતદારો કચકચાવીને મતદાન કરશે અને ભાજપાના કમળના ફૂલને ખીલવશે તે નિશ્ચિત છે.

## જે થવાનુ હોય તે થાય, કોરોનાથી સંક્રમિત દર્દી મતદાન કરી શકશે

**જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં કોરોના પોઝિટીવ-શંકાસ્પદ મતદાર મતદાન કરી શકશે : પી.પી.ઈ. કિટ પહેરી મતદાન કરવાની છૂટ**

બાયડ, તા. ૧૯

ચૂંટણીમાં તમ તમારે મતદાન કરો... પ્રજાનું જે થવાનુ હશે તે થશે..!! તા. ૨૮ ફેબ્રુઆરીએ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા પંચાયત, ૧૪ તાલુકા પંચાયત, ૪ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. જેમાં કોરોના પોઝિટીવ-શંકાસ્પદ મતદાર પોતાનો મતાધિકાર આપી શકે તે માટે મતદાન કરવાની છૂટ આપવામાં આવી છે. પોઝીટીવ દર્દીને મેડીકલ સુપરવિઝનની નિગરાની હેઠળ પી.પી.ઈ. કીટ પહેરીને મતદાન કરવાનુ રહેશે. જિલ્લાના તમામ મતદાન મથકો માટે પી.પી.ઈ. કીટ પણ આપવામાં આવી શકે છે.

અત્યારે ઠંડી-ગરમીના કારણે મિશ્ર ઋતુનો માહોલ જામ્યો છે. પ્રજામાં વાઈરલ બિમારીએ માથુ ઉંચક્યુ છે. જ્યારે ચૂંટણી પ્રચાર શરૂ થતાં કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો છે તે ચિંતાજનક બાબત છે. ત્યારે તા. ૨૮ ફેબ્રુઆરી સુધી કોરોનાથી સેંકડો લોકો-મતદારો સંક્રમીત તવાની આશંકા છે. ત્યારે રાજ્ય ચૂંટણી પંચે પણ કોરોનાની વર્તમાન સ્થિતિમાં મતદારો પોતાના મતાધિકારથી વંચિત ન રહી જાય તે માટે કોરોના સંક્રમીત-શંકાસ્પદ એવા તમામ મતદારો તેમના નિયત કરેલા મતદાન મથકે આવી મતદાન કરી શકે તે પ્રકારે વ્યવસ્થા ઉભી કરવા જિલ્લા ચૂંટણી અધિકારીને ખાસ સૂચના આપવામાં આવી છે. કોરોના સંક્રમીત મતદારો એક દિવસ અગાઉ સ્થાનિક ચૂંટણી અધિકારીને તેની જાણકારી આપવાની રહેશે. કોરોના સંકાસ્પદ મતદારો કોરોના ગાઈડલાઈન મુજબ મતદાનના ૪૮ કલાક અગાઉ આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરાવવાનો રહેશે અને તે રીપોર્ટ સ્થાનિક ચૂંટણી અધિકારી આપવાનો રહેશે. જ્યારે મતદારો નેગેટીવ હોય પણ કોરોનાના સંભવિત લક્ષણ ધરાવતા હોય તો તેમને સ્વખર્ચે માસ્ક, ગ્લોબ્ઝ પહેરીને આવવા પણ જણાવાયુ છે. જિલ્લામાં ૧૮,૦૧૫૦૮ મતદારો તા. ૨૮ ફેબ્રુઆરીએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

# રેન્જ આઈ.જી. : અરવલ્લીમાં બહુ થયુ... પોલીસવડા સામે જ પગલાં ભરો

**એલસીબી. પીઆઈ તથા સ્ટાફના છેલ્લા ૨ મહીનાની કોલ રેકોર્ડ્સ મેળવવામાં આવે : ખાખી વર્દી પહેરી દમ મારી કેટલા રૂપીયા તોડબાજોએ ખંખેર્યા તેની તપાસ કરો**

બાયડ, તા. ૨૦

રાજ્યમાં ચૂંટણીની સિઝન છે. પ્રજા છેલ્લા ૨ દિવસથી અરવલ્લીમાં લૂંટેરા પોલીસકર્મીઓની દારૂની લૂંટની વાત સાંભળી અવાચક થઈ છે. નવા પોલીસવડા સંજય ખેરાત જિલ્લાના સૌથી નબળા પોલીસવડા પુરવાર થયા છે. રેન્જ આઈ.જી.એ વિના વિલંબે તેમની સામે પગલાં ભરી પ્રજાના વિશ્વાસને સાર્થક કરવો પડશે.

અરવલ્લી જિલ્લો દારૂની હેરાફેરી માટે સેન્સેટીવ છે. એલસીબીના અધિકારી અને સ્ટાફ પ્રમાણીક હોવો જોઈએ. અત્યાર સુધી પાપ છાપરે ચઢીને નહોતુ પોકારતું ત્યાં સુધી સારા હતા પરંતુ પ્રથમથી જ એલસીબી પીઆઈ, પરમાર અને તેમનો જૂજ સ્ટાફ જે કરતૂત કરતો હતો તેનાથી એલસીબીમાં જ ફરજ બજાવતો સ્ટાફ અંદરખાનેથી સમસમી ઉઠ્યો હતો. ખુદ પોલીસવડા કચેરી નજીકથી જ દારૂની ખેપ થઈ તેનાથી એલસીબીના સ્ટાફ અને અધિકારી ઉપર કોઈને ભરોસો નથી. ખુદ વાડ જ ચીભડાં ગળે તેવી સ્થિતિ સામે આવી છે. જિલ્લામાં એલસીબી અને અગાઉ એસઓજીમાં ઈમરાન શેખ, પ્રમોદ પંડ્યા, અતુલ ભરવાડના ઉઘરાણા જગ જાહેર છે. જિલ્લામાં તપાસ માટે જાય ત્યારે રાજ્યના ગૃહમંત્રી હોય તેવો રોફ જમાવતા હતા. લોકડાઉન સમયે અનેક નિર્દોષને રંજાડ્યા હતા. પરંતુ આખરે પાપ છાપરે ચડીને પોકાર્યુ છે. પીઆઈ પરમાર તથા સીસી ટીવી કેમેરામાં કેદ છે તે તમામ પોલીસ કર્મીઓના મોબાઈલની છેલ્લા ૨ મહીનામાં થયેલી વાતચિતની કોલ ડીટેઈલ મેળવવામાં આવે તો રાજસ્થાન, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાતના બુટલેગરો સાથેની સાંઠગાંઠ પણ બહાર આવી શકે છે. જ્યારે આવા પંકાયેલા કર્મચારીઓએ ખાખી વર્દીની આડમાં તોડ કરી કેટલી મિલ્કત, સોનુ-ચાંદી ખરીદ્યા તેનો તાગ મેળવવા જેવો છે. જિલ્લા પોલીસવડા સંજય ખેરાત અત્યારે જિલ્લાના ઈતિહાસના સૌથી નબળા પોલીસવડા હોવાનો સાર્વત્રિક લોક સૂર ઉભો થયો છે. પોલીસ વડાએ પણ પોતાની નૈતિક જવાબદારી સ્વીકારી પ્રજાને પોલીસ ઉપર ભરોસે રહે તેવુ નિવેદન આપવા પણ હિંમત દાખવવી પડશે.

## બાયડ પાલિકામાં ભાજપાના ભવ્ય વિજયના સંકેત : ગુપ્ત રિપોર્ટ

**૧૬ થી ૧૮ બેઠક ઉપર ભાજપનો ભગવો લહેરાશે : વોર્ડ નં. ૧ ની ચૂંટણી રેલીમાં કાર્યકરો ઉમટ્યા, કોંગ્રેસ સ્તબ્ધ**



બાયડ, તા. ૧૯

બાયડ પાલિકાની સામાન્ય ચૂંટણીમાં ભાજપ માટે સારા સમાચાર છે. ગુપ્ત રીપોર્ટ પ્રમાણે બાયડ પાલિકામાં ભાજપા ૨૪ માંથી ૧૬ થી ૧૮ બેઠકો જીતી રહ્યા છે. જે રીતે પ્રચારકાર્યમાં સ્વયંભુ કાર્યકરો, પ્રજા જોડાય છે તે જોઈ કોંગ્રેસમાં હલચલ મચી છે. બાયડ પાલિકા વોર્ડ નં.૧ માં શુક્રવારે ભાજપાના ઉમેદવાર પ્રવિણ પટેલ, સ્નેહલભાઈ પટેલ (શહેર સંગઠન પ્રમુખ) કંચનબેન પટેલ, ભાવનાબેન જોષીના સમર્થનમાં નિકળેલી ચૂંટણી રેલીમાં ૨૦૦ થી વધુ કાર્યકરો, સોસાયટીના રહીશો સ્વયંભુ જોડાતા કોંગ્રેસ છાવણી સ્તબ્ધ થઈ છે.

વોર્ડ નં. ૧ ભાજપાનો અડીખમ ગઢ છે. ચૂંટાયેલા કોર્પોરેટરોએ સતત વિકાસના કામ ઉપર ધ્યાન આપતા ફરી એકવાર વોર્ડ નં. ૧ માં ભાજપાનું કમળ ખીલવાનુ છે ત્યારે તા. ૧૯ ના રોજ વોર્ડ નં. ૧ ભાજપાના ઉમેદવારોના સમર્થનમાં સ્વામિનારાયણ સોસાયટી વિભાગ-૧, વિભાગ-૨, નિલકંઠનગર, ઉમિયાનગર, વલ્લભનગર સોસાયટીમાં નિકળેલી ચૂંટણી રેલીમાં યુવાનો-મહિલાઓ અને બુઝર્ગ સ્વયંભુ પ્રચારમાં જોડાઈને ભાજપાના તમામ ઉમેદવારોને પ્રચંડ બહુમતીથી જીતાડવા અપીલ કરી હતી. રહીશોએ પણ તમામ ઉમેદવારો, ટેકેદારો, ભાજપાના કાર્યકરોનું ઉમળકાથી ઠેર ઠેર સ્વાત કરતા જોવા મળ્યા છે. જ્યારે ગુપ્તચર રિપોર્ટ પ્રમાણે બાયડ પાલિકા વિસ્તારમાં ભાજપા સર્વાધિક બેઠક મેળવી રહ્યાનો રિપોર્ટ છે જેથી કોંગ્રેસની ઉંઘ હરામ થઈ છે.

## જિલ્લામાં ડિઝલના ભાવ વધારાથી ટ્રાન્સપોર્ટરોને પડતા ઉપર પાટુ

**કોરોના કાળમાં બેહાલ ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ વધુ મુશ્કેલીમાં, તા.૨૬ ફેબ્રુઆરીએ દેશવ્યાપી હડતાલની ચીમકી**

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૨૦

ડિઝલના રોજ વધતા ભાવથી ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ માટે પડતા ઉપર પાટુ પડ્યું છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કોરોના કાળમાં બેહાલ બનેલા ટ્રાન્સપોર્ટ સંચાલકોએ સરકાર દ્વારા વધારાનું સહાય પેકેજ આપવાની આશા રાખી હતી જે પૂરી થઈ નથી પરંતુ હમણાંથી ડિઝલના ભાવ વધીને એક લિટર દિઠ રૂા.૮૮.૧૭ પૈસા સુધી પહોંચી જતાં ટ્રક સહિતના લોડીંગ વાહનોના માલિકો વધુ મુશ્કેલીમાં મુકાયા છે. લોકડાઉન અને ત્યારબાદની ઉભી થયેલી સ્થિતિમાં ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ મરણ પથારીએ પડ્યો છે. જેથી સરકારે ડિઝલના ભાવમાં ઘટાડો કરવો જોઈએ તેવી લાગણી પ્રવર્તિ રહી છે. દેશભરમાં ડિઝલના ભાવવધારા સામે તા.૨૬ ફેબ્રુઆરીએ દેશવ્યાપી હડતાલની ટ્રાન્સપોર્ટરોએ ચીમકી પણ આપી છે.

જિલ્લામાં કોરોનાના કારણે અસંખ્ય ધંધા-રોજગારો તહસ નહસ થઈ ગયા છે. સરકારે નાના ઉદ્યોગોને બેઠા કરવા માટે પ્રયાસ કર્યા પરંતુ તે પાશેરામાં પુણી બરાબર સાબિત થયા છે. લોકડાઉનમાં ટ્રાન્સપોર્ટ ઉદ્યોગના પૈડા થંભી જતાં ટ્રકના માલિકોને બેંકના હપ્તા ભરવા પણ મુશ્કેલ બની જતાં સાબરકાંઠા અરવલ્લી જિલ્લામાં ટ્રાન્સપોર્ટરોએ ન છૂટકે ભારવાહક વાહનો વેચવા પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. ટ્રાન્સપોર્ટરોને સહાય પેકેજનો લાભ આપવાની વાતો થઈ છે પરંતુ કેટલાંક કિસ્સાઓમાં મોટા ટ્રાન્સપોર્ટરો સહાય ઓળવીને બેસી જતાં નાના ટ્રાન્સપોર્ટરોની હાલ કફોડી બનેલી છે ત્યાં હવે છેલ્લા કેટલાંક દિવસોથી ડિઝલના ભાવ સતત વધતા હોવાથી મુશ્કેલ સ્થિતિ ઉભી થઈ છે. બંને જિલ્લામાં ઔદ્યોગિક એકમો કાર્યરત છે અને ટ્રાન્સપોર્ટના આધારે અન્ય ધંધા-રોજગારો ચાલતા હોવાથી જો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગનો મૃત્યુઘંટ વાગશે તો અન્ય ધંધા-રોજગારોને પણ અસર થવાની દહેશત છે. કોરોનાના કપરાં કાળમાં અગાઉથી ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ મુશ્કેલ ભરી સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. અનલોકના વિવિધ તબક્કા પછી માંડ ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ ધમધમતો થયો છે ત્યાં ડિઝલના સતત વધતા ભાવથી ટ્રક માલિકો કફોડી સ્થિતિમાં મુકાયા છે. સરકાર દ્વારા ડિઝલના ભાવ તાત્કાલિક ઘટાડવામાં નહિ આવે તો તા.૨૬ ફેબ્રુઆરીએ ટ્રાન્સપોર્ટની દેશવ્યાપી હડતાલની ચીમકી આપવામાં આવી છે જેમાં જિલ્લાના ટ્રક માલિકો અને ટ્રાન્સપોર્ટ સંચાલકો ટેકો આપી જોડાય તેવું લાગી રહ્યું છે.

## 'સ્ત્રી સમાનતા' જેટલી કાગળ પર છે, તેટલી સમાજમાં નથી ! ...

**સુરપુરની પરિણીત મહિલાએ બે દીકરીઓને જન્મ આપતા "તું અભાગણી છે" તેમ કહી પિયર તગેડી મૂકી : મહિલા પોલીસ મથકે ફરિયાદ**

હિંમતનગર બ્યુરો ઓફિસ તા.૧૯

આજના આધુનિક યુગમાં મહિલાઓ હવે દરેક પ્રવૃત્તિ જેવી કે શિક્ષણ, રાજકારણ, મીડિયા, કળા અને સંસ્કૃતિ, સેવાના ક્ષેત્રોમાં, વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રો વગેરેમાં ભાગીદારી લઈ રહી છે.તેમજ મહિલા સશક્તિકરણ આધ્યાત્મિક, રાજકીય, સામાજિક અને આર્થિક રીતે મહિલાને સશક્ત કરવાના સંદર્ભે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા મહિલા સશક્તિકરણ અંતર્ગત " બેટી બચાવો બેટી પઢાવો " સહિત અનેકવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે ત્યારે દીકરો દીકરી એક સમાન' ની વાતો કરવાવાળા ૨૧ મી સદીના લોકોની વિચારસરણી ૧૮ મી સદી જેવી !

હોય એવું ચિત્ર ઉપસી રહ્યું છે દિકરીનાં જન્મ સમયે મોટાભાગના પરિવારોમાં તો જાણે શોકનું વાતાવરણ ઉભું થઈ જાય છે. ત્યારે આવો જ એક કિસ્સો અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના પોસ્ટ - સરડોઈ શ્યામપુર ખાતે પરણેલી મહિલાના જીવનમાં પ્રકાશમાં આવ્યો છે વર્ષ ૨૦૧૫માં એક સાથે બે જુડવા દીકરીઓને જન્મ આપનાર પરણિત મહિલાને "તું અભાગણી છે "એવા મેણા ટોણા મારી શારિરીક માનસિક ત્રાસ ગુજારી પતિ સહિત સાસરિયાંઓ દ્વારા મહિલાને પીયરે તગેડી મૂકતા મહિલાના સાંસારિક જીવનમાં કાળો કેર વર્તાયો છે આજે નહીં તો કાલે સૌ સારાવાના થઈ જશે એવી આશા પણ ઠગારી નીવડતાં બે પુત્રીઓને જન્મ આપી દુ:ખ વહોરનાર મહિલાએ આખરે ન્યાયની માંગણી સારુ પોલીસ મથકમાં દ્વાર ખટખટાવ્યા છે

હિંમતનગર તાલુકાના વિરાવાડા નજીક સુરપુર ગામે પિયર ધરાવતી પરિણીતાને બે દીકરીઓ જન્મતા તેણીને શારીરિક-માનસિક ત્રાસ ગુજારાતા મહિલાએ હિંમતનગર મહિલા પોલીસ મથકે પતિ સહિત સાસુ - સસરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય સાસરિયાઓ વિરુદ્ધ ઈપીકો કલમ ૪૯૮ (ક) ૧૧૪ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર હિંમતનગર તાલુકાના પોસ્ટ - વીરાવાડા સુરપુર ના અમરસિંહ જીવસિંહ પરમારે આજથી આશરે આઠેક વર્ષ પહેલાં પોતાની દિકરી અંજનાબેનના લગ્ન અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના પોસ્ટ - સરડોઈ શ્યામપુર ખાતે ચેતનસિંહ મોતીસિંહ ચૌહાણ સાથે સમાજના રીતરિવાજ મુજબ કરાવ્યા હતા લગ્નજીવનની ફલશ્રુતિ સ્વરૂપ અંજનાબેન એકસાથે જુડવા બે દીકરીઓને જન્મ આપ્યો હતો દીકરીના જન્મને લઈને વધામણા કરવાને બદલે તું અભાગણી છે "એવા મહેણાં ટોણાં મારી ગડદાપાટુનો મારમારી શારિરીક માનસિક ત્રાસ ગુજારી અંજનાબેનને પિયર તગેડી મૂકવામાં આવતા બે પુત્રીઓને જન્મ આપી દુ:ખ વહોરનાર મહિલાએ હિંમતનગર મહિલા પોલીસ મથકે પતિ સહિત સાસુ - સસરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય સાસરિયાઓ વિરુદ્ધ ઈપીકો કલમ ૪૯૮ (ક) ૧૧૪ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે સાંપ્રત સમયમાં દીકરો- દીકરી સમાન' ની વાતો કરવાવાળા ૨૧ મી સદીના લોકોની વિચારસરણી ૧૮ મી સદી જેવી હોવાની ઝાંખી કરાવતા આવા કિસ્સાઓ લઈ સમાજે જાગૃત થવાની અને દીકરા-દીકરીના ભેદ ભૂલવાની તાતી જરૂર છે.

**વર્ષ ૨૦૧૫માં મહિલાએ એક સાથે બે દીકરીઓને જન્મ આપ્યો હતો : દીકરો દીકરી એક સમાન' ની વાતો કરવાવાળા ૨૧ મી સદીના લોકોની વિચારસરણી ૧૮ મી સદી જેવી !**